R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ
સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-25 • ISSUE: 06 DATE: 06-02-16• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## લોકતંત્રની હત્યા પર અમે મૌન ન રહી શકીએ : રાજ્યપાલના નિર્ણયોની સમીક્ષા કોર્ટ ન કરી શકે તેવી દલીલ પર સુપ્રીમ કોર્ટની ટકોર

પુર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશમાં રાષ્ટ્પતિ શાસન લગાવવાના મુદ્દે સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે ટીપ્પણી કરી હતી કે આજે સુનાવણી દરમિયાન ઉચ્ચ અદાલતે કહ્યું કે જ્યારે લોકતંત્રની હત્યા થઈ રહી છે ત્યારે કોર્ટ મૌન રહી શકે નહી.સુપ્રીમ કોર્ટે આ ટીપ્પણી તે સમયની છે જ્યારે ભાજપના વિદ્યાયકોના વકીલે કહ્યું કે અદાલત રાજ્યપાલના નિર્ણય પર સુનાવણી કરી શકતી નથી.

કોર્ટે કેન્દ્રને દરેક પુરાવા પાછા આપવાનું કહ્યું.ઉલ્લેખનીય છે કે આ પહેલા આ મુદ્દે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ જારી કર્યો હતો કે તે રાષ્ટ્રપતિ શાસન લગાવ્યા બાદ જપ્ત દરેક સરકારી દસ્તાવેજોની કોપી નિવર્તમાન મુખ્યમંત્રી નેબામ ટુકી,મંત્રીઓ અને સંસદીય સચિવોને આપે.આ સાથે જ દરેક ખાનગી કાગળ પણ પાછા કરવાનું કહેવામાં આવ્યું હતું.


રાજ્યપાલ પાસેથી નોટીસ જારી કરીને માંગ્યો જવાબ : સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પોતાના તે આદેશને પાછો લઈ લીધો હતો જેમાં કોર્ટે અરુણાચલ પ્રદેશના રાજ્યપાલે નોટીસ જારી કરીને જવાબ માંગ્યા હતો.અદાલતે પોતાની આ નોટીસ કેન્દ્ર સરકારની તે દલીલને સાંભળ્યા બાદ પાછો લીધો હતો જેમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટેને બતાવ્યું કે બંધારણના અનુચ્છેદ ૩૬૧ અનુસાર રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને નોટીસ જારી ન કરી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્યપાલ ઈચ્છે તો પોતાની ઈચ્છાથી જવાબ દાખલ કરી શકે છે.

સુપ્રીમકોર્ટની બેન્ચે અરુણાચલ પ્રદેશની વિધાનસભા દ્વારા ઓક્ટો.થી અત્યાર સુધી થયેલા પત્રવ્યવહારની વિગતો આપવા કહ્યું છે કારણકે વિધાનસભાના અધિકારીઓએ જે દસ્તાવેજો આપ્યા છે તેનાથી કોર્ટ સંતુષ્ટ નથી.સ્પીકર નબામ રેબિયા અને રાજ્યપાલ જે.પી.રાજખોવા વચ્ચે વિધાનસભાનું સત્ર યોજવા કે તેને આગળ ધપાવવા અને કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગે શું પત્રવ્યવહાર થયો તે જોવા માંગે છે.બેન્ચમાં અન્ય જજમાં



જસ્ટીસ દિપક મિશ્રા,એમ.બી.લોકુર,પી.સી.ઘોષ, અને એન.વી.રામનનો સમાવેશ થાય છે.બીજી તરફ કોગ્રેસના બળવાખોર ધારાસભ્યો વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ રાકેશ દ્વિવેદીએ રાજયપાલના નિર્ણયનું સમર્થન કર્યુ હતું. અને કહ્યું હતું કે વિધાનસભાનું સત્ર બોલાવવું એ બિનલોકતાંત્રિક ન ગણી શકાય અને તેનાથી લોકશાહી પ્રક્રિયાને નુકશાન થતું નથી.ઊલટું વિધાનસભા ભવનને તાળા મારી દેવા અને ભાગી જવું તે બિનલોકતાંત્રિક કૃત્ય છે.

## સાહિત્યિક પત્રકારત્વ અંગે ફાધર ડો.વિનાયક જાદવના પુસ્તકનું વિમોચન



ફાધર ડો.વિનાયક જાદવના પીએચડીના સંસોધન લેખ પરના પ્રકાશિત પુસ્તક 'ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ :પ્રવાહો અને પ્રયોગો'ના વિમોચનનો કાર્યક્રમ ગુજરાત યુનીવરર્સીટી સેનેટ હોલ ખાતે યોજાયો હતો.આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે 'આજે રાજકીય અને આર્થિક પત્રકારત્વ સાહિત્યિક પત્રકારત્વ પર હાવી થઈ ગયું છે.ત્યારે આ વિષય પર કામ કરવા માટો ફાધર ડો.વિનાયક જાદવને અભિનંદન આપવા જરુરી છે.'

આ પ્રસંગે હાજર જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ કહ્યું હતું કે' પી.એચ.ડી.કરવું તો ફાધર જેવું કરવું, નાનામાં નાની ઉપેક્ષિત પત્રિકાને ધ્યાનમાં રાખી છે તેવું ઠોસ કામ કર્યુ છે.'આ પ્રસંગે લેખક વિષ્ણુ પંડયા, યુનીવરસીટીના કુલપતિ એમ.એન.પટેલ,સેંટ ઝેવિયર્સ કોલેજના ભુતપુર્વ આચાર્ય ફાધર ફાંસીસ પરમાર તેમજ યુની.ના ગુજરાતી વિભાગના વડા કિર્તિદા શાહ સહિતના લોકોએ પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યુ હતું.

આ પુસ્તકના લેખક ફાધર ડો. વિનાયક જાદવ સેંટ ઝેવિયર્સ કોલેજ,અમદાવાદમાં સાહિત્ય અને પત્રકારત્વના અધ્યાપક છે.આદિલોક સામાયિકનું પ્રકાશન પણ કરે છે.

## યુવાઓને ત્રાસવાદમાં જતા રોકવા મુસ્લીમ નેતાઓ મદદ કરેઃ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહે દેશની મુસ્લીમ સંસ્થાઓના વડાઓની બેઠક યોજી દેશમાં વધતા જતા ત્રાસવાદના દુષણને નાથવા અંગે ચર્ચા કરી હતી.તેમણે ભારતીય યુવાનોને ત્રાસવાદથી આર્કષાતા રોકવા મુસ્લીમ નેતાઓની મદદ માંગી હતી.રાજનાથસિંહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવલે મુસ્લીમ નેતાઓને મધ્યપુર્વમાં ચાલી રહેલી ભારતીય યુવાનોની ત્રાસવાદમાં ભરતી બાબતે વાકેફ કર્યા હતા.આ પ્રવૃત્તિને રોકવા તેમનો સહકાર માંગ્યો હતો. મુસ્લીમ નેતાઓએ ત્રાસવાદને રોકવા સરકારને તમામ સહકાર આપવાની તૈયારી બતાવી હતી.

આ બેઠકમાં ત્રાસવાદી પ્રવૃત્તિ માટે સોશ્યલ મિડિયાનો દુરપયોગ અને ભારતના પાડોશી દેશોમાં વધી રહેલી ત્રાસવાદી પ્રવૃત્તિ અંગે ચર્ચા થઈ હતી.આ બેઠકમાં ઓલ ઈન્ડીયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના વડા ઈમામ ઉમર અહેમદ ઉપરાંત અગ્રણી મુસ્લીમ સંસ્થાઓના વડા ઉપસ્થિત રહ્યા હતા.

દક્ષીણ ભારતના યુવાનો ત્રાસવાદથી વધુ આર્કષાય છે તે બાબત ધ્યાનમાં રાખીને કેન્દ્રીય મંત્રી રાજનાથ ટુંક સમયામં કર્ણાટક,તેલંગાણા અને આંધ્ર પ્રદેશના અગ્રણી મુસ્લીમ નેતાઓ સાથે પણ બેઠક યોજશે.

## મહારાષ્ટ્રના ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ સામે કાર્યવાહી કરવા માટે સીબીઆઇને રાજ્યપાલની મંજુરી

મહારાષ્ટ્રના રાજયપાલ વિદ્યાસાગર રાવે સીબીઆઈને આર્દશ કૌભાંડમાં ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ સામે કાર્યવાહી કરવા માટે મંજુરી આપી દીધી છે.હાલના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે જણાવ્યું હતુ કે મહારાષ્ટ્રની ભાજપ સરકાર દ્વારા લેવાયેલ પગલું વ્યાજબી છે કારણ કે ચવ્હાણ સામે પુરતા પુરાવા છે.

ડીસે.૨૦૧૩માં તત્કાલીન રાજયપાલ કે.શંકરનારાયણે ચવ્હાણ સામે કેસ કરવાની સીબીઆઈને મંજુરી આપી નહોતી.આથી તેમની સામે કેસ બંધ કરવામાં આવ્યો હતો.મહારાષ્ટ્રમાં ભાજપની યુતિ સરકાર આવતાં તેમની સામે નવા પુરાવાઓને આધારે કેસ ચલાવવાનુ નક્કી કરવામાં આવ્યું હતું.પરંતુ કોગ્રેસના મુખ્યમંત્રી હોવાને કારણે મહારાષ્ટ્રની ભાજપ સરકારે બદલા માટે લીધેલુ આ પગલું છે તેવું ચવ્હાણે કહ્યું હતું.ચવ્હાણ હાલમાં નાંદેડથી કોગ્રેસના લોકસભાના સાંસદ છે.આ કૌભાંડને લીધે તેમને ૨૦૧૦માં મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હતું.

સીબીઆઈનો આક્ષેપ છે કે દક્ષિણ મુંબઈના કોલાબામાં આવેલી આર્દશ હાઉસીંગ સોસાયટીમાં યુધ્ધ લડી ચુકેલા સેનાના જવાનો-અધિકારીઓ અને તેમની વિધવાઓ માટેની જ સોસાયટી હોવા છતાં ચવ્હાણે તેમાં સામાન્ય નાગરિકોનો ઉમેરો કરી દીધો હતો.એટલું જ નહી પરંતુ તેમના પરિવારના સભ્યોને માટે ફ્લેટ લીધા હતા.

## પુર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશરફે વડાપ્રધાન મોદીને મુસ્લીમ વિરોધી બતાવ્યા

પાકિસ્તાનના પુર્વ રાષ્ટ્રપતિ પરવેઝ મુશરફે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મુસ્લીમ વિરોધી બતાવ્યા હતા.તેમણે કહ્યું હતું કે પાકિસ્તાને શરમ અનુભવતા જોઈ ન શકું.મોદી પાકિસ્તાન અને મુસ્લીમ વિરોધી નેતા છે.તેમનું લાહોર આવવું તેની જગ્યાએ ઠીક છે, પરંતુ તેનાથી કંઈ પ્રાપ્ત થયું નથી.તે પાકિસ્તાનની સાથે દગો કરી રહ્યા છે. મુશરફે પાકિસ્તાનની ચેનલ દુનિયા ન્યુઝને આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી. ઈન્ટરવ્યું ૩૧મી જાન્યુઆરીએ પ્રસારિત થયો હતો.તેમાં તેમણે આતંકવાદથી માંડીનો કાશ્મીર સુધીના મુદ્દાઓ પર વાત કરી હતી.તેમણે પુર્વ પીએમ અટલ બિહારી બાજપાઈ અનો મનમોહનસિંહનો પણ ઉલ્લેખ કર્યો હતો.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
**http:// jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

તાજેતરમાં કોર્ટો દ્વારા કહેવાયેલ બાબતો લોકશાહી માળખા માટે ગંભીર બાબતો છે.સહુ પ્રથમ મુંબઇ હાઇકોર્ટ ની નાગપુર બેંચના એક ન્યાયમુર્તિએ જે બાબત કહી તે ખુબજ ગંભીર બાબત છે.સામાન્ય લોકો સરકારમાં ચાલતા ભ્રષ્ટાચારથી થાકી ગયા છે. કોઇપણ નાગરિકનું કામ પ્રસાદી ધરાવ્યા વિના થતું નથી.ન્યાયમુર્તિએ સામાન્ય લોકોના અવાજનો પડઘો પાડ્યો છે.તેણે કહ્યુ કે જનતાએ સરકાર વિરુધ્ધ અસહકારનું આંદોલન કરવું જોઇએ.પોતાના હક્કો માટે લડવા માટે ટેક્ષ નહી ભરીને સરકારને જાગૃત કરવા માટેનો આશય છે.ભ્રષ્ટ અમલદારશાહી અને કેટલાક ભ્રષ્ટ રાજકારણીઓએ લોકશાહીની ગાડી પાટા પરથી ઉતારી દીધી છે.કૌભાંડો સિવાય કોઇ બાબત દેખાતી નથી.લોકો માટેના નાણાં જે લોકોના ટેક્ષ દ્વારા લેવાયેલ છે તે લોકોના કલ્યાણ માટે તેમના સુધી પહોચતા નથી.મોટી મલાઇ વચેટીયાઓ ખાઇ જાય છે.છેલ્લા વીસ વર્ષોમાં દેશમાં વધી ગયેલ લાખોપતિઓ અને કરોડપતિઓની જમાતમાં મોટા ભાગના લોકોની સંપત્તિ ભ્રષ્ટાચાર થકી મેળવાઇ છે તેવા તારણો જોવા મળે છે.સામાન્ય નાગરિકો ટેક્ષ ભરે છે તોય તેમને હાલાકી પડે છે. અમીર બનેલા લોકો ટેક્ષ ભરે છે પરંતુ તે સાચો કર ભરતા જ નથી.આખરે આ બાબતે ન્યાયાધીશે જે કહ્યું તે અસરકારક બને તે જરુરી છે.પરંતુ સરકાર આ બાબતે પગલાં લે એવુ શક્ય બને ખરુ ?

બીજુ સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયેલ અવલોકન પણ અત્યંત ગંભીર છે. સરકારે અરુણાચલ પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો કરેલ નિર્ણય બંધારણીય રીતે યોગ્ય નથી.અને કોર્ટે રાજ્યપાલના નિર્ણય સામે કડક શબ્દોમાં કહ્યુ.કોર્ટે કહ્યું કે લોકશાહીની હત્યા થતી હોય તો કોર્ટ ચુપ ના રહી શકે.આમ કોર્ટે સરકારના નિર્ણયનો વિરોધ કરીને સરકારના કાન આમળ્યા છે.ખેર,હજુ સુપ્રીમ કોર્ટે નિર્ણય આપ્યો નથી. પરંતુ જે પ્રમાણે કોર્ટનું અવલોકન છે તે પ્રમાણે કેન્દ્ર સરકારની વિરુધ્ધ નિર્ણય આવે તો સરકાર માટે ભારે પીછેહઠ કર્યાનો વારો આવશે.

કેન્દ્ર સરકારમાં બેઠેલા લોકો માટે આ પચાવવું અઘરુ છે. કારણકે તેઓ કાયદા અંગે સભાન હોવા છતાં તેમણે જે કોઇ નિર્ણયો લેવા માટે પ્રયત્ન કર્યો છે તેમના માટે માથાના દુખાવા સમાન બનશે.એનડીએની સરકાર દ્વારા લેવાયેલ કેટલા બધા નિર્ણયોમાં પીછેહઠ થઇ છે.તે તેમનુ નબળુ પાસુ છે.

અનુ. પાન ૪ નુ ચાલુ

એટલે એવા કુટુંબોની સંખ્યા દેશમાં વધતી જાય એ તાકીદનું કામ છે. બાઇબલમાં કહ્યું છે :કેવા મંગલ છે સુખ શાંતિની વધામણી લાવનારા પગલાં !

કેથોલિક ધર્મસભાએ જેમણે મિક્ષ્ડ મેરેજ(આંતરધર્મીય લગ્નો) કર્યા હોય તેવા યુગલોને વિખુટા પડેલા પારકા નહિ, પણ પોતાના ગણી, તેમનો પોતાના શકિતશાળી ભુજ તરીકે ઉપયોગ કરી, તેમના દ્વારા પ્રસ્તુત ઉમદા મિશન(સર્વધર્મ સમભાવ દ્વારા સઘળે શાંતિ-સુમેળ-ભાઇચારો પ્રગટાવવો)ને આગળ વધારવા તથા સફળ બનાવવા સઘન પ્રયાસો કરવા જોઇએ. નુતન યુગના આ એંધાણ છે :એનું સ્વાગત કરવામાં મોડા ના પડીએ !

ફાધર વિલિયમ( રિશ્તા)


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવકાન્તિ સાપ્તાહિક 9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# દલિત વિદ્યાર્થીની આત્મહત્યા બાબતે સરકારના રોલની ચર્ચે ટીકા કરી




ભારતના ચર્ચના નેતાઓએ એક દલિત વિદ્યાર્થીએ કરેલ આત્મહત્યામાં સરકારના રોલની ટીકા કરતાં દલિતોના અધિકાર બાબતે પોતાનો સપોર્ટ જાહેર કર્યો હતો.દલિત સ્કોલર રોહિત વેરમુલાએ ૧૭ જાન્યુઆરીએ કરેલ આત્મહત્યાએ સમગ્ર દેશમાં ચકચાર મચાવી હતી .જ્યારે સરકારે તેની વિરોધમાં નિવેદનો આપ્યા હતા. આ વિદ્યાર્થી હૈદાબાદ ખાતે સેન્ટ્રલ યુની.માં પીએચડી.નો કોર્સ કરી રહેલ હતો.૨૬ વર્ષીય આ વિદ્યાર્થીની આત્મહત્યાએ સમગ્ર દેશમાંના દલિત વિદ્યાર્થીઓમાં આક્રોસ વ્યાપી ગયો હતો.

ધ ઇન્ડીયા કેથોલીક બિશપ્સ ઓફીસ ફોર શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઇબ દ્વારા જણાવાયું હતું કે આપણા દેશની લોકશાહી માટે આ શરમજનક ઘટના છે.જાતિવાદે એક દલિત સ્કોલર વ્યક્તિનો ભોગ લીધો છે.અને તેનું શિક્ષણ તેને અપમાનથી બચાવી શક્યું નથી.

નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઇન ઇન્ડીયા એક્ઝીક્યુટીવ સેક્રેટરી શ્રી સેમ્યુલ જયકુમારે જણાવ્યુ હતું કે આ બનાવ જ બતાવી આપે છે કે દેશમાં કેટલી અસહિષ્ણુતા છે.સરકારની પોલીસી જ લઘુમતીઓ માટે અસહિષ્ણુ છે તે બતાવી આપે છે.છેલ્લા છ મહિનાથી વેરમુલાના સ્કોલરશીપના નાંણા યુની. દ્વારા રોકી રાખવામાં આવ્યા હતા.સરકારે તેમને દબાણ ક્યુ હતું કે આ વિદ્યાર્થીએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કે જે ભારતીય જનતા પાર્ટીની વિદ્યાર્થી પાંખ છે તેમની પર હુમલો કર્યો હતો.તેથી તેની સ્કોલરશીપના નાણાં રોકી રાખવામાં આવ્યા હતા.

આમ સરકારે તેમની સત્તાનો દુરપયોગ કર્યો હતો.આ કારણે તેમને યુનીમાં સસ્પેન્ડ કરી દેવાયા હતા.આ પરિસ્થિતિનો કોઇ અંત નહોતો કારણકે એચઆરડી મંત્રી સ્મૃતિ ઇરાની, જે ભારતીય જનતા પાર્ટીના સરકારમાં મંત્રી છે તેમણે યુની સત્તાવાળાઓ ઉપર દબાણ કર્યુ હતું કે આ વિદ્યાર્થીને સ્કોલરશીપ અટકાવી દેવામાં આવે.

ફાધર ઝેડ.દેવાસાગયેરાજ, સેક્રેટરી ઓફ ઇન્ડીયા બિશપ્સ ઓફીસ ફોર શિડ્યુલ કાસ્ટ એન્ડ શિડ્યુલ ટ્રાઇબે જણાવ્યુ હતું કે દલિતો પર અત્યાચાર કરવામાં આવે છે તેમાં આ દેશમાં કંઇ નવીન નથી.તેમણે વધુમાં જણાવ્યુ હતું કે શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઇબ એ જુદા જુદા વહીવટી કોન્સેપ્ટ છે.

જો દલિતો તેમનું સ્ટેટસ શિક્ષણથી સુધારે, સારી નોકરી મેળવે,તો તેઓ જાતિવાદનો ભોગ બને છે.ઉચ્ચ જ્ઞાતિના લોકો માટે આ સ્વીકારવું અઘરુ છે. તેમને આ ગમતું નથી કે નીચી કોમના લોકો ઉચ્ચ શિક્ષણ અને નોકરી મેળવે.તેથી તેમને તેમના જીવનમાં નડતરરુપ માને છે.

## નાગલપુર,મહેસાણા કોલેજની વિદ્યાર્થીની પર એસિડ એટેક કરનાર આરોપીનો કેસ નહી લડવા બાર એસો.નો નિર્ણય

મહેસાણા બાર કાઉન્સીલે સમાજ વિરોધી કૃત્ય કરનાર આરોપી માટે વકીલાત કરવાનો બહિષ્કાર કરી દીધો છે.જો કે આ અંગે મહેસાણા વકીલ મંડળે ઠરાવ કરવાનું ટાળ્યુ હતું.

મહેસાણા નાગલપુર કોલેજની એક વિદ્યાર્થીની પર હાર્દિક પ્રજાપતિ નામના યુવકે કોલેજની વિદ્યાર્થીની પર એસિડ નાખવાનું ઘૃણાસ્પદ કાર્ય કર્યુ હતું.આવી કોઇ ઘટના નબને તે માટે આરોપીને પાઠ ભણાવવા બાર એસો.આ નિર્ણય લીધો છે.આરોપી પુરાવાના અભાવે છુટી જાય છે તેવા આરોપીઓ છુટી ના જાય માટે કાઉન્સીલે આ નિર્ણય લીધો છે.

## ઇરાનની જેલમાંથી પાસ્ટર સઇદ અબેદાનીનો છુટકારો

અમેરિકન પાસ્ટર સઇદ અબેદાનીનો ઇરાનની જેલમાંથી છુટકારો થવા પામ્યો હતો. તેઓએ જેલમાંથી છુટ્યા બાદ જણાવ્યુ હતું કે તેમનો જેલવાસ દરમિયાનનો જે અનુભવ છે તે ખુબજ કષ્ટદાયક છે.તેમની મુક્તિ બાદ અબેદાનીનું કુટુંબ નોર્થ કેરોલીના ખાતે આવેલ ડો બીલી ગ્રેહામ ટ્રેનીંગ સેન્ટર ખાતે જવાનું વિચારતું હતું. પરંતુ તેઓએ તેમનો આ વિચાર પડતો મુક્યો હતો.અને તેઓ તેમના રહેઠાણના સ્થળે આવી પહોચ્યા હતા. વિશ્વભરમાંથી તેમની મુક્તિ માટે ખાસ ચળવળ અને પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. અમેરિકાના



પ્રમુખને તેમની મુક્તિ માટે ખાસ આગ્રહ કરવામાં આવ્યો હતો.

ફ્રાંસનો એલન રોબર્ટ નામનો આરોહક ઉંચા ઉંચા મકાનો પર કરોળીયાની જેમ ચડી જવામાં ઉસ્તાદ છે.

હૃદયરોગનો પ્રથમ હુમલો આવી ગયા પછી માત્ર અડતાલીસ કલાકમાં એસ્પરીન લેવામાં આવે તો હૃદયરોગનો બીજો હુમલો અટકાવી શકાય છે.

# આપણી શાળાઓમાં પણ આવી તાલીમ અપાય તો ?

અમેરિકાની બસોમાં અને ટ્રેનોમાં પીક અવર્સ દરમીયાન ખાસી ભીડ હોય છે.પ્રવાસીઓ ઉભા ઉભા મુસાફરી કરતા હોય એવા દશ્યો વારંવાર જોવા મળે છે.ઓફિસો શરૂ થવાનો કે છુટવાનો સમય હોય ત્યારે હું અને મારા પત્ની ટ્રેનમાં કે બસમાં પ્રવેશીએ ત્યારે અચુક એક આનંદપ્રદ અનુભવમાંથી પસાર થવાનું બને.અમને જોઇને પાંચ સાત યુવક-યુવતીઓ પોતાની સીટ પરથી ફટાફટ ઉભા થઇ જાય અને પોતાની જગા પર સ્થાન લેવા અમને ઇશારો કરે. આવો અનુભવ અન્ય ઘણા દેશોમાં અમને થયો છે. ટ્રેન કે બસમાં મુસાફરી કરતી યુવાપેઢી તોફાન કરે,ગાળો બોલે,ગંદા જોક્સ સંભળાવે અને સહપ્રવાસીઓને રંજાડે એવું દશ્ય કદી જોવા મળતું નથી. દર દસે ત્રણ પ્રવાસીઓના હાથમાં વાંચન સામગ્રી હોય છે.અને તેઓ ધ્યાનથી એમાં ડુબેલા જોવા મળે.સ્ટેશન આવે ત્યારે ઉતરનારા પ્રવાસીઓ ઉતરી ગયા બાદ જ બહારના મુસાફરો ક્યુમાં એક પછી એક બસમાં કે ટ્રેનમાં દાખલ થાય. અમેરિકાની બસોમાં કંડકટર હોતા નથી. ડ્રાઇવરની જમણી બાજુએ બોક્સ હોય તેમાં નિર્ધારિત ભાડુ ચુકવીને બસમાં બેસી જવાનું.કદી કોઇ ડ્રાઇવરે હાથમાં પૈસા લઇને ખીસામાં મુક્યા હોય એવું બન્યું નથી.અરે ડ્રાઇવર કે મુસાફર એવી ગોઠવણી કરવાની કલ્પના કરવાથી પણ ધ્રુજે. જાહેર માર્ગો પર કે શેરીઓના નાકે ટપોરીઓ જતી આવતી છોકરીઓની કે યુવતીઓની છેડતી કરતા હોય એવું દશ્ય પણ અંહી દુર્લભ. બેંકોમાં, સરકારી કચેરીઓમાં, રેસ્ટોરાંમાં અને શોપીંગ મોલમાં આપણને સ્મિત સાથેની સેવા મળે અને જતી વખતે થેન્ક યું સાંભળવા મળે. આ બધી જ સેવાઓ વિના વિલંબે પ્રાપ્ત થાય છે. રોન્ગ સાઇડ પર વાહન ચલાવતાં પરાક્રમી છોકરા-છોકરીઓ કે સ્ત્રી પુરુષો અંહી કદી જોવા ન મળે.ખોટી જગ્યાએ વાહન પાર્ક કરે એ મર્યો સમજો.અહીં કાર કોણે પાર્ક કરી છે,એવી બુમો પાડતો પાડતો પોલિસ ઓફિસર તમને શોધવા ન નીકળે.સો ડોલર્સની પેનલ્ટીની ટિકીટ તમારી કારના લલાટે ચોંટાડીને એ ચાલ્યો જાય.તમારે કોઇ દલીલ વગર, રકઝક વગર કે ભ્રષ્ટ પ્રધાનની ધમકી આપ્યા વગર વાંકા વળીને દંડ ભરી દેવાનો.ફરજ પરના પોલિસ અધિકારી પર હુમલો કરવાની સજા ખુબ ભયાનક છે.પ્રજાના પૈસે થોડે થોડે દાડે, અમેરિકા,કેનેડા કે ઓસ્ટ્રેલીયા દોડી જતા પ્રધાનો અને સાંસદો ને આ બધી ખબર હશે જ ને ?

બાળકોને અને યુવા પેઢીને સંસ્કાર આપવાનું તથા શિષ્ટાચાર અને સદાચાર શીખવવાનું કામ પરિવારોનું અને શૈક્ષણિક સંસ્થાઓનું છે.અમેરિકામાં આ ફરજ બજાવવામાં કેટલાક પરિવારો ઉણા ઉતરે છે. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓ પુરી નિષ્ઠાથી સજાગપણે આ ફરજ બજાવે છે.મારી પૌત્રી ન્યુજર્સી સ્ટેટની પબ્લીક સ્કુલમાં ચોથા ધોરણમાં ભણે છે. શાળાનું નામ જ એમ.કે.ગાંધી એલિમેન્ટરી સ્કુલ છે. વિદ્યાર્થીઓને જે ઓળખપત્રો અપાયા છે તેના પર સ્કુલનું નામ મહાત્મા ગાંધી સ્કુલ એ રીતે દર્શાવાયું છે. શાળાને નામ આપવામાં દુંરદેશી દાખવીને સ્કુલ બોર્ડે સંસ્કાર અને મુલ્યોનું સિંચન કરવાનો પ્રયત્ન કર્યો છે. શાળાની વાલી સભામાં હાજરી આપવાની મને તક મળી. મે શિક્ષકોને પુછયું, આપની શાળાનું વિઝન અને મિશન શું છે ? એમણે એક જ વાક્યમાં ઉત્તર આપ્યો, રાષ્ટ્ર અને વિશ્વ માટ શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવા, અહીં બાળકોને જીવનલક્ષી કૌશલ્યો શીખવા પર ભાર મુકાય છે.વ્યક્તિનું સ્વાતંત્ર્ય હણાય નહીં તેની કાળજી રાખવામાં આવે છે.એડમિશન પેટે,ફી પેટે ડોનેશન પેડે બાળકો કે વાલીએ એક પણ પૈસો આપવાનો નથી.યુનીફોર્મ વાજબી ભાવથી શાળામાંથી અપાય છે.નાસ્તો,જ્યુસ,સોફ્ટ ડ્રીંક્સ બધું શાળા તરફથી અપાય છે. જે માટે કોઇ ફી ભરવાની હોતી નથી.શિક્ષકો ટ્યુશન કરતા નથી.અને વિદ્યાર્થીઓને ટ્યુશન આવવા દબાણ નથી કરતા.વિદ્યાર્થીઓને વિષયોનું શિક્ષણ આપતી વખતે વ્યવહાર,જીવનલક્ષી તાલીમ પણ આપવામાં આવે છે.

દેશને માટે શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવાનો અર્થ છે,બાળકો કાયદાને માન આપે, સૌની સાથે માનવતાપુર્ણ વ્યવહાર કરે તથા પરિવાર જીવનને સર્વોચ્ચ મહત્વ આપે.અહીં વીક એન્ડનો મહીમા અપરંપાર છે.શનિ-રવિ બાળકોને પેરેન્ટ્સ સાથે રહેવાની અને જીંદગીનો આનંદ માણવાની તક મળે છે.અહીં વૈયક્તિકતાનું ગૌરવ સચવાય છે.વ્યક્તિ પર સમાજ હાવી થઇ જાય એવું મહદ અંશે બનતું નથી.અમેરિકામાં બાળકોને નીતિ અને મુલ્યોની તાલીમ શાળા,કોલેજો અને યુની. મળે છે.પરિવારોએ એ વિશેષાધિકાર ગુમાવી દીધો હોવાનું દીસે છે.અંહી સવર્ત્ર બધું જ સારું છે. એવું કહેવાનો ઇરાદો નથી. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓની ભુમિકા આખી દુનિયાને અને વિશેષ કરીને ભારતને પ્રેરણા બક્ષે તેવી છે.ભારતમાં વિદ્યાર્થી અવસ્થામાં બાળકો અને યુવા પેઢી જે પામે છે , જે મેળવે છે તેનું મુલ્યાંકન કરવામાં આવે તો અહીં નિર્દેશેલી બધી વાતોના પુરાવા સાંપડવાની સંભાવના છે. બોર્ડમાં અને યુની. પરિણામો જાહેર કરતી વખતે જે ગેરરીતીઓ આપણા ધ્યાન પર આવે છે તે શું સુચવે છે ? આપણે આત્મવંચનામાંથી બહાર નીકળીએ તો એ આપણા હિતમાં હશે.

\- વિશ્વામિત્ર
(સૌ.સંદેશ)



## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

### નવકાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

### માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)

૧.પ્રકાશન સ્થળ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭
૨.પ્રકાશનની સામાયિકતા : સાપ્તાહિક
૩.માલિક,મુદ્રક,પ્રકાશક : રોબિન જે. ધોળકીયા
નાગરીકતા : ભારતીય
સરનામુ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭
૪.તંત્રીનુ નામ : રોબિન જે.ધોળકીયા
નાગરીકતા : ભારતીય
સરનામુ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૬-૨-૨૦૧૬
સ્થળ:અમદાવાદ.

રોબિન જે.ધોળકીયા
માલિક,મુદ્રક,પ્રકાશક
અને તંત્રી.

# ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરીરીઝમ એન્ડ ઓરગેનાઇઝડ ક્રાઇમ(ગુજસીટોક)-૨૦૧૫ બિલ રાષ્ટ્રપતિ દ્વારા પરત

ગુજરાત વિધાનસભાએ ગયા વર્ષે મંજુર કરેલા ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરીરીઝમ એન્ડ ઓરગેનાઇઝડ ક્રાઇમ(ગુજસીટોક) ૨૦૧૫,બિલને રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી દ્વારા ગૃહ મંત્રાલયને વધુ વિગતોની માંગણી સાથે પરત કર્યુ છે. અગાઉ યુપીએ શાસનમાં બે વખત ફગાવી દેવાયેલ આ બિલ પછી ગુજરાતની ભાજપ સરકારે તેને ત્રીજી વખત વિધાનસભામાં પસાર કર્યુ હતું.સૌથી નવાઇની વાત તો એ છે કે હાલમાં દેશના વડા પ્રધાન તરીકે નરેન્દ્ર મોદી છે. અને તેમના નેતૃત્વમાં એનડીએની સરકાર છે.અને વિશ્વભરમાં ત્રાસવાદ સામે ઝઝુમવા માટે તેઓ પડકાર આપી રહ્યા છે ત્યારે તેમના જ કાર્યકાળમાં પસાર કરાયેલ બિલ પરત આવ્યું છે. ૨૦૦૩માં પસાર કરાયેલ આ બિલને ૧૨ વર્ષે પણ મંજુરી મળી નથી.જે મોદી સરકાર માટે મોટી પીછેહટ સમાન છે.

આ બિલ અંગે રાષ્ટ્રપતિએ કેટલીક વિગતો પુર્તતા માંગી છે.પરંતુ મંત્રાલય દ્વારા એવું જણાવાયું છે કે જે કોઇ વિગતો મંગાવાઇ છે તેને આપી દેવાશે.વિવાદાસ્પદ બિલ અંગે ગૃહમંત્રાલયે રાષ્ટ્રપતિ ભવનને ગુજસીટોક બિલને પાછું લઇને નવેસરથી સુધારાવધારા કરી પુનઃ રજુ કરીશું તેમ જણાવાયું છે.

આ બિલને રાષ્ટ્રપતિને મોકલતા પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ઇન્ફમેશન એન્ડ ટેકનોલોજી (આઇટી)મંત્રાલયને મોકલ્યું હતું.મંત્રાલયે બિલની કલમ ૧૪ હેઠળ કરાયેલી જોગવાઇ મુજબ પોલીસને કોઇપણ એવી વ્યક્તિઓના ટેલીફોન,ઇન્ટરનેટ વાયર્સને આંતરીને તેને કોર્ટમાં પુરાવા તરીકે રજુ કરી શકે તેવી સત્તા છે તેના અંગે ખુલાસો માંગ્યો હતો.જો કે ગુજરાત સરકારે તેનો ખુલાસો કરતાં ગૃહમંત્રાલયે આખરે તેને રાષ્ટ્રપતિ ભવનને મંજુરી માટે બિલ મોકલ્યું હતું. પરંતુ તેને પરત કરાયું છે.

# નોકરી આપવા માટે લાંચ લેતા મેથોડીસ્ટ ચર્ચના પાદરી એન્ટી કરપ્શનની જાળમાં ઝડપાયા

ગોધરાની ગર્વમેન્ટ ગ્રાન્ટેડ હાઉસ્કુલના ટ્રસ્ટી ઉપરાંત પસંદગી સમિતિના સભ્ય એવા વડોદરા ફતેહગંજ મેથોડીસ્ટ ચર્ચના પાળક સાયમન બ્રેઇનર્ડની એક શિક્ષકને નોકરીમાં રાખવા માટે માંગેલ લાંચ માટે એન્ટી કરપ્શનના અધિકારીઓએ રંગેહાથ ધરપકડ કરી હતી તેવા સમાચારો બહાર આવ્યા છે.

ગોધરાની મેકકેબ મેમોરીયલ હાઇસ્કુલમાં શિક્ષક તરીકે નોકરી આપવા માટે ફતેહગંજ રંગોલી હોટલ સામે આવેલ સેન્ટેનરી મેથોડીસ્ટ ચર્ચના પાદરી રુ.૭ લાખની રકમનો ચેક લાંચ તરીકે સ્વીકારતાં લાંચ રુશ્વત બ્યુરો દ્વારા ઝડપી લેવાયા હતા.પાદરી હાઇસ્કુલ પસંદગી સમિતિના સભ્ય હોવાથી તેમણે ઉમેદવારના પિતાને ચર્ચની ઓફીસમાં બોલાવીને રુ.૭ લાખની રકમનો ચેક નામ અને તારીખ લખ્યા વગરનો બેરર ચેક સ્વીકાર્યો હતો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# આંતરધર્મીય કુટુંબો

લેખક :
ફાધર વિલિયમ (રિશ્તા)

**નવું વિશ્વ :**

આજે યુવાવર્ગ સમક્ષ એક તદ્દન નવા વિશ્વનું નિર્માણ થયું છે.સંચાર માધ્યમો(કમ્યુનીકેશન)ના આધુનિક ઉપકરણો,શિક્ષણ મેળવવા અને ખાસ તો આજીવિકા માટે આવશ્યક જ્ઞાન-આવડત કેળવવા માટે ઉપલબ્ધ થયેલા વિવિધ સ્ત્રોત્રો તથા અભ્યાસ-નોકરી-વ્યવસાયના સ્થળોએ અન્ય સાથીઓ સાથે કેળવવા પડતાં સંપર્કો ને બંધાતા મૈત્રી સબંધો વગેરેએ યુવાવર્ગ(અને તેમના પરિવારજનો)માટે જ્ઞાતિ-ગોળ-પરગણાં, ધર્મ-સંપ્રદાય,વંશ-પ્રદેશ-માતૃભાષા, સામાજિક રીત-રિવાજો. જેવી પરંપરાગત,પુરાણી અને કાલગ્રસ્ત થઇ ગયેલ મર્યાદાઓને ઓળંગીને તથા તેમાંથી મુક્ત એવું એક વિશાળ અને ઘણુ બહોળું વિશ્વ બનાવી દીધુ છે એટલું જ નહીં, તેમાં તેમની ઈચ્છા અનિચ્છાએ પણ ફરજીયાત પ્રવેશ કરાયો છે.આજે આપણા કેથોલિક યુવાનો-યુવતીઓનું મિત્રમંડળ કેથોલિકો પુરતું સીમિત નથી રહ્યું અને પીકનીક-આઉટીંગ-બર્થડે સેલેબ્રેશન-મેરેજ રિશેપ્સન,મનોરંજન વગેરે માટે પેરીસ કંમ્પાઉન્ડની જરુરીયાત પણ રહી નથી.હકીકતે જ્ઞાતિ-સંપ્રદાય-ભાષા વગેરેથી સતત પીડાતા અને વિભાજીત એવા આપણા ભારતદેશ માટે તો આ ઘટના કરુણાસાગર ભગવાનની એક મહાન ભેટ છે.

**લગ્નસાથી પસદંગી ક્ષેત્ર :**

પ્રસ્તુત પરિવર્તનની આપણા રોમન કેથોલિક મતાવલંબી સમુહો પર એક યા બીજી રીતે અસર પડે તે સ્વાભાવિક ગણાય અને તેનો સ્વીકાર કે આવકાર કરવો પડે તો પણ સ્વાભાવિક ગણાય.એ અસરોમાંની એક મહત્વની અસર છે : અન્ય સમુહો અર્થાત બિનઈસાઈઓ સાથે બંધાતા લગ્નસબંધો જેને ચર્ચ મીક્ષ્ડ મેરેજ(આંતર જ્ઞાતીય/ધર્મીય લગ્નો) કહે છે. પહેલાના જમાનામાં લગ્ન માટે એક પુરુષ તથા એક સ્ત્રીની જ જરુર પડતી હતી.હવે એ સિવાય બીજુ ઘણુ બધું જોવાય છે.બાહ્ય દેખાવ,અભ્યાસ,નોકરી,પગાર વગેરે. એટલે પોતાના સમાજ (વતન,જ્ઞાતિ, સંપ્રદાય...) માંથી જ યોગ્ય જીવનસાથી મળી આવે એ હવે શક્ય નથી.યોગ્ય લગ્નસાથી મેળવવા માટે હવે જ્ઞાતિ,ગોળ,સંપ્રદાય..જેવા મર્યાદિત તથા સંકુચિત પસંદગી ક્ષેત્રો હવે નહિ ચાલે તથા એવો અત્યાગ્રહ/હઠાગ્રહ રાખવો તે પણ અસ્વીકાર્ય અને અયોગ્ય લેખાય. યોગ્ય જીવનસાથી મેળવવા માટે તો આ બધી હદોને વટાવીને પસંદગી ક્ષેત્રને બહોળું બનાવવું પડે.સદ્ભાગ્યે ઉપર ઉલ્લેખ કર્યો છે તેવી નવી પરિસ્થિતિએ અર્થાત પરિવર્તીત વિશ્વએ સદ્ભાગ્યે આમાં આપણને સાથ આપ્યો છે.

**મીક્ષ્ડ મેરેજ બાબતે ચર્ચ(રોમન કેથોલિક ધર્મસભા)નો મત/અભિગમ**

અંગત ધાર્મિક માન્યતા (રોમન કેથોલિક પંથ ) ને મહત્વ અને પ્રાથમિકતા આપી, તે જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને ચર્ચ, કેથોલિકોને મીક્ષ્ડ મેરેજ કરવાની પરવાનગી આપતાં પહેલાં આગ્રહો રાખે છે /ફરજ પાડે છે ને તેની લેખીત બાંહેધરી માંગે છે. દા.ત.લગ્નવાચ્છુ બિન ઈસાઈ સાથી(પાર્ટનર)બેપ્ટીસમ લઈ રોમન કેથોલિક બને અને સંતાનોનો રોમન કેથોલીક પ્રમાણે ઉછેર કરવાનું વચન આપે.જોકે આંતરધર્મીય લગ્નો(મીક્ષ્ડ મેરેજો)ની સંખ્યા હવે ઉત્તરોત્તર વધતી જતી હોઈ, આજે ઉક્ત બાંહેધરી કેવળ એક ફોર્મોલીટી બની ગઈ છે.અથવા તો તેનું અસ્તિત્વ જ નથી.

તેમ છતાં,આપણી સમ એક પ્રશ્ન તો રહે જ છે : મીક્ષ્ડ મેરેજ(આંતરધર્મીય લગ્ન) કરનાર વ્યક્તિઓની અંગત ધાર્મિક માન્યતાનું શું અને ખાસ કરીને તો તેમના સંતાનોની કઈ ધાર્મિક માન્યતા અને તેને કેવી રીતે જાળવી રાખવી ?પશ્ચિમના દેશો કે જ્યાં સેકયુલર (બિનાસાંપ્રદાયિક) વિચારસરણી વ્યાપકપણે પ્રવર્તે છે ત્યાં પરિવારના સભ્યો ચર્ચ /મંદિર/મસ્જીદ...માં જવું,વિધિ વિધાનોમાં ભાગ લેવો વિગેરે)ને ધાર્મિકતા માનવામાં આવતી હોય છે.અને ધર્મ વ્યક્તિના જીવનમાં વિવિધ તબક્કાએ તેમજ સામૂહિક પર્વોત્સવોની ઉજવણીઓની ગોઠવણી/ઉજવણીમાં નિશ્ચિત ભુમિકા ભજવતો હોઈ આવો પ્રશ્ન પુછવો અગત્યનું લાગે છે.

**સર્વધર્મ સમભાવ :**

યુરોપ-અમેરિકામાં અને ભારતમાં પણ હવે સંપ્રદાયથી પર એવી કેટલીક પ્રાર્થના પધ્ધતિઓ જેવી કે વિપસ્યના,યોગાસન,વગેરે દિવસે દિવસે લોકપ્રિય બનતી જાય છે.જેમાં મોટી સંખ્યામાં અલગ અલગ ધાર્મિક માન્યતા ધરાવતા લોકો જોડાય છે ને કોઈ ગુરુના માર્ગદર્શન હેઠળ સમુહ ચિંતન-ગ્રુપ મેડીટેશન કરે છે.અહીં પ્રત્યેક જણ બીજાની ધાર્મિક માન્યતાનું માન/સન્માન કરે છે. તેનો આદર રાખે છે. કોઈની વ્યક્તિગત ધાર્મિક માન્યતા તેમના સામુહિક ચિંતન(ગૃપ મેડીટેશન)માં લગીરે બાધરુપ બનતી નથી.વાસ્તવમાં તો આ પ્રકારની બિનસાંપ્રદાયિક પ્રાર્થના પધ્ધતિઓ-ગ્રુપ મેડીટેશનો-ખરેખર વખાણવા લાયક ગણાય.કારણ એમાં ભાગ લેનારા પોતાની ધાર્મિક/સાંપ્રદાયિક માન્યતાની ગુરુતાગ્રંથિ ધરાવતા નથી હોતા : એથી ઉલટું,બીજાની ધાર્મિક માન્યતા પ્રતિ તેમનું ઘણું માન સન્માન અને આદરભાવ હોય છે.ગાંધીજી આને 'સર્વધર્મ સમભાવ' કહેતા હતા.

રોમન કેથોલિક ધર્મસભા પણ આજે-ખાસ કરીને તો હાલના ના.પોપ ફ્રાંસિસ -તેને આવકારે છે,પ્રોત્સાહન આપે છે તથા સમગ્ર વિશ્વમાં આવી ભાવના પ્રગટે તેવું ઈચ્છે છે.

**અંગત ધાર્મિક માન્યતાનું શું ?**

હવે આગળ પુછ્યો હતો તે અર્થાત મીક્ષ્ડ મેરેજ કરનાર પુરુષ અને મહિલાની અંગત ધાર્મિક માન્યતાની જાળવણી અને ખાસ તો તેમના સંતાનોના ધાર્મિક ઉછેર બાબતે શું ? પ્રશ્નના ઉત્તર પર આવીએ . એના જવાબમાં આવું કહી શકાય : મીક્ષ્ડ મેરેજ કરનાર દંપતિઓ સામાન્ય રીતે બહોળું માનસ(બ્રોડ માઈન્ડ: ધરાવતા હોઈ, પતિ તેની પત્નીની તથા પત્ની તેના પતિની ધાર્મિક માન્યતાને સ્વીકારી લે છે અને તેમાં કશી દખલગીરી કરતાં નથી.પ્રત્યેકને તેની ઈચ્છા મુજબ ચર્ચ,મંદિર,મસ્જીદ... માં જવાની તથા વિધિ-વિધાનોમાં ભાગ લેવાની પુરી સ્વતંત્રતા આપે છે.અને સંતાનો કાં તો મમ્મી યા તો પપ્પાની ધાર્મિક માન્યતાને અપનાવે છે યા તો મોટા થાય ત્યાં સુધી તેમના માંબાપ સાથે તેમની ધાર્મિક વિધિઓમાં ભાગ લે છે અને મોટા ને સમજણાં થાય પછી પોતે કઈ ધાર્મિક માન્યતા અપનાવવી તે સ્વેચ્છાએ નક્કી કરે છે. અને માંબાપ તેમાં સંમતિ આપે છે. આ બધામાં જો કંઈ મહત્વનું વખાણવા જેવું અને ખાસ કરીને તો આધુનિક પલટાયેલ યુગમાં બહુ કલ્યાણકારી બનતું હોય તો તે આ છે: અન્યોને તેમની અંગત ધાર્મિક માન્યતાને જાળવી રાખવા આપવામાં આવતી સ્વતંત્રતા તથા તેના ધર્મ/સપ્રદાય પ્રત્યે માન સન્માન અને આદરભાવ.

**ધર્મો/સંપ્રદાયો વચ્ચે ઝગડાનો ઉકેલ :**

આજે જગતમાં ધર્મને નામે અને તેને કારણે કરવામાં આવતી કરપીણ હિંસામાં હજારો જાન લેવાય છે તેનાથી કોઈ અજાણ નથી.ઈરાન,ઈરાક,સીરીયા...આર્યલેન્ડ વગેરેમાં (શીયા વિરુધ્ધ સુન્ની, પ્રોટેસ્ટંટ વિરુધ્ધ કેથોલિક) ધર્મને નામે શું કરવામાં આવે છે ? કેટલા નિર્દોષો હિંસાનો ભોગ બને છે, બેઘર થઈ જાય છે, આપત્તિને વહોરે છે ? ખુદ ભારતમાં પણ હવે અમુક ધર્માંધ જુથો બીજાઓ કે જેઓ અલગ ધાર્મિક માન્યતા ધરાવે છે તેમના પ્રતિ કેટલી ઘૃણા રાખે છે, તેમને કેટલા હેરાન કરે છે, કેટલો અન્યાય કરે છે, ભેદભાવ રાખેછે તથા તેમના ધાર્મિક સ્થળો પર હુમલા કરીને નુકશાન પહોચાડે છે તેનાથી આપણે પુરેપુરા વાકેફ છીએ.

વળી અલગ અલગ ધાર્મિક માન્યતા ધરાવતા સમુહોમાં ઘણી ગેરસમજ,પુર્વગ્રહો,ઘૃણા,વેરવૃત્તિ પ્રવર્તે છે. આવી પરિસ્થિતિ હોય ત્યાં જો મિક્ષ્ડ મેરેજ પ્રણાલિકા સર્વ ધર્મ સમભાવ પ્રસારવામાં મહત્વની ને સહુને માટે કલ્યાણકારી નીવડે તેવી ભુમિકા ભજવતી હોય તો આપણે સહુએ તેને સહર્ષ આવકારીએ એટલું જ નહીં, ખાસ કરીને તો આપણો યુવાવર્ગ કે જે આજે દેશની વસતિનો સિંહભાગ છે,તેને અપનાવે તે માટે તેમને પ્રોત્સાહન આપીએ.

**એક અનોખુ ઉદાહરણ :**

સ્પેન દેશના બાર્સીલોના શહેરમાં થોડા વર્ષો પહેલાં એક મિત્રને ત્યાં મુલાકાતે જવાનું થયેલું. સ્વાગત કરી એ મિત્રએ મને તેમના કુટુંબના સભ્યોના પરિચય કરાવતાં જ કહ્યુ હતું તે હજીયે યાદ આવે છે. "જુઓ ફાધર, આ મારી પત્ની થેરેસા, એ દરજી છે. આ મારો દિકરો ફ્રાંસિસ, તે ખાટકી છે ને ઘણુ કમાય છે, આ મારી દિકરી, તે વાળંદ છે. શહેરની મધ્યે એક મોર્ડન હેર કટીંગ સલુન ચલાવે છે,અને હું એક કંપનીની ઓફીસમાં પાર્ટટાઈમ ક્લાર્ક છું ને બીજી એક ઓફીસમાં સફાઈકામદાર તરીકે કામ કરુ છું. "

કેટલું સરસ ! એકજ કુટુંબમાં ચાર જ્ઞાતિઓ ! દરજી, મુસ્લીમ, વાળંદ અને વાલ્મિકી સમાજ.

જો કે આપણાં દેશમાં આવું જુદી જુદી જ્ઞાતિઓમાં સાથે રહેતી હોય એવું કુટુંબ બનાવવું શક્ય નથી. કારણ અહીં જે જ્ઞાતિપ્રથા અસ્તિત્વમાં છે તેમાં પોતાની જ્ઞાતિ બદલી શકાતી નથી. હા, પણ અહીં ધર્મ/સંપ્રદાય બદલી શકાય છે.એટલે એકજ કુટુંબમાં જુદા જુદા ધર્મ/સંપ્રદાયોવાળા સભ્યો હોય એવા 'આંતરધર્મીય કુટુંબો' ચોક્કસ બનાવી શકાય, અલબત્ત બનાવવા પણ જોઈએ. અને એ કહેવાની જરુર નથી કે એવાં કુટુંબો બનાવવા માટેનું સૌથી વધુ અસરકારક માધ્યમ છે :મીક્ષ્ડ મેરેજ

આંતરધર્મીય કુટુંબોમાં ઉપર નોધ્યું તેમ ધર્મ/સંપ્રદાયની પસંદગી માટે સંપુર્ણ છુટ ને સ્વંત્રતા છે તથા બીજાના ધર્મ/સંપ્રદાય પ્રતિ ઘણાં માન આદર છે : આને કારણે કલહ કે ઝગડાને માટે ઝાઝો અવકાશ હોતો નથી.એવા આંતરધર્મીય કુટુંબો સઘળે, ખાસ તો ભારત દેશમાં, 'સર્વધર્મસમભાવ' પ્રસારવા માટે, વિવિધ ધર્મો/સંપ્રદાયો વચ્ચે વેરઝેર મિટાવીને એકજ ઈશ્વર પિતાના સંતાનો તરીકે, એક પરિવાર બનાવી હળીમળીને સુખથી રહેવા માટે મોટી તથા મહત્વની ભુમિકા ભજવે છે.

અનુ પાન નં ૨ ઉપર

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.